# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૮૯ • તા. ૨૨ નવેમ્બર થી ૨૮ નવેમ્બર ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




## રાષ્ટ્રીય ગ્રામીણ આઈ. ટી. કવિઝ ચેમ્પિયનશીપના નેશનલ વીનર સાંધવના

# પ્રથમ ચેતન જીવરાજ દંડ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member

SHUBH
DIAMONDS



RAJESH MOMAYA
9884149494

# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :

gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


# શિક્ષણ સાથે સારા સંસ્કાર મળે એ જરૂરી છે

શિક્ષણ માણસને શિક્ષિત કરે છે, પણ શું સંસ્કારી બનાવે છે? માત્ર અક્ષરજ્ઞાન મેળવીને માણસ પંડિત નથી ગણાતો કે શિક્ષણ પ્રાપ્ત કરનાર સારો માણસ નથી બની જતો. જો આ વાસ્તવિકતા હોત તો ભણેલો ગણેલો વ્યક્તિ ગુનેગાર ન હોય પણ થાય છે ઊલટું. શિક્ષણ પ્રાપ્ત કરેલો વ્યક્તિ વધુને વધુ ઊંઠાં ભણાવવામાં ઉસ્તાદ થઈ જાય છે અને પોતાનું નામ ક્રિમિનલ પ્રોફાઈલમાં દર્જ કરાવી દે છે. દરેકને કંઈ રીતે છેતરી શકાય એના જ ખ્યાલમાં એ સતત રહ્યા કરે છે. માણસને માટે શિક્ષણ મેળવું જરૂરી છે. એનાથી જ તો એની પ્રગતિ થાય છે. સાથો સાથ જો પોતાના સંસ્કારને એ ન સાચવી શકે તો અધોગતિ ભણી પણ એ જ ધકેલાય છે.

શિક્ષણ આપણી સામે જ્ઞાનની અનેક બારીઓ ઉઘાડી દે છે. પણ આપણી હોંશિયારની કસોટી ત્યારે થાય છે કે આપણો મેળવેલ જ્ઞાનનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ. અભણ, અજ્ઞાની, અપરાધી કરતાં શિક્ષિત, સમજુ અને સભ્ય કહેવાતો વ્યક્તિ જ ક્રિમિનલ તરીકે વધુ ખતરનાક હોય છે. અભ્યાસ મેળવનાર નામવંત બની શકે છે ને નામચીન પણ થઈ શકે છે. બાહોશ થઈ શકે છે તે બદમાશ પણ થઈ શકે છે. શિક્ષિત બનનાર ચીલો ચાતરીને શાતિર પણ બની શકે છે. આ બધો આધાર શિક્ષિત થનાર સરવાળે પોતાના જ્ઞાનનો ઉપયોગ, શિક્ષણ અભ્યાસનો પ્રયોગ ક્યા વિચાર પ્રવાહ તરફ વાળે છે તેની ઉપર મુખ્યત્વે રહેલો છે.

અગાઉ શિક્ષકને માસ્તર તરીકે ઓળખતા. જે મા ના સ્તર ઉપર રહીને જ્ઞાન, શિક્ષણ અને સંસ્કારનું રોપણ કરતા હતા. પ્રત્યેક વિદ્યાર્થી પ્રત્યે લક્ષ આપી તેની સમજ પાંગરે એ માટે જહેમત લેતા હતા. એ શિક્ષકો ખરી રીતે મિત્ર, માર્ગદર્શક અને રહેમિયત રાખનારા હતા. જે ભાવના આજે શૂન્ય થઈ ગઈ છે. ગયા જમાનાની વાત ઊલટી વળી ગઈ છે. આખી પધ્ધતિ, કેળવણીની તરેહ જ પરિવર્તન પામી છે. એમાં શિક્ષકોનો જ શું ગુનો? આખી સિસ્ટમ ધરમૂળથી બદલાઈ ગઈ છે. યંત્રવત શિક્ષણ પધ્ધતિ થઈ ગઈ છે અને શિક્ષકો તો માત્ર પોતાની ડ્યૂટી બજાવતા મૂક્ત થઈ ગયા છે અને સંસ્કાર રોપણનો આખો બોજ મા-બાપ, પરિવારજનો અને સમાજ પર આવી ગયો છે. જેને લીધે બાળકો બહારથી જ્ઞાન મેળવે છે અને પોતાના સંસ્કારને પાંગરે છે.

સંસ્કારી બનવા માટે સારું શિક્ષણ, સારી સંગત અને સારો સાથ મળવો જરૂરી છે. મશીનના બળે સંચાલિત પૈડું પૂરપાટ વેગે દોડે છે પણ તે કઈ દિશા પકડે, ક્યા વળાંકે વળે એ માટે તેની ઉપર કન્ટ્રોલ કરનાર સ્ટિયરિંગ હોવું જરૂરી છે. તેની ઉપર કન્ટ્રોલ કરનાર હોંશિયાર, બાહોશ ચાલક હોવું જરૂરી છે. તો જ વ્હીલના વેગને સાચી, સારી ગતિ મળે, પ્રગતિ મળે. શિક્ષણ સારું મળે તે સાથે સુસભ્ય સંસ્કાર મળે, માનવતા લક્ષી આદર્શ સિધ્ધાંત અને સંવેદના ભર્યા વિચાર આચાર જો મળે તો ભવિષ્ય ઉજ્જ્વળ અને ઉન્નત બને એ નક્કી છે.

- જય જ્ઞાતિમૈયા

# સંઘર્ષ અને સંતોષ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

જીવનમાં આગળ વધતા વધુને વધુ નામના મેળવવા કે ધાર્યું પરિણામ પ્રાપ્ત કરવા માટે સંઘર્ષ જરૂરી છે. સંઘર્ષનો સામનો આપણે કેવી રીતે, કેટલી હદે કરી શકીએ છીએ એ છેવટે પરિણામના નિષ્કર્ષ પરથી આપી શકાય છે. જીવનમાં કપરો સંઘર્ષ કર્યા વિના સફળતા અને સિધ્ધિ મળતા નથી જો એમ જ સફળતા મળે તો સંતોષ રહેતો નથી. આળસુ વ્યક્તિ સહેલાઈ સફળ થવા ચાહે છે. જ્યારે ઉધમી વ્યક્તિ પરિશ્રમ કરી સંઘર્ષ કરી, લડાઈ કરીને સફળતાનું શિખરે આરોહણ કરવાની ઈચ્છા રાખે છે. સફળતા અને આત્મ સંતોષ માટે મહત્વનું કાર્ય એટલે સંઘર્ષ.

જીંદગીનું પર્યાયી નામ એટલે સંઘર્ષ, એટલે કે બીજુ નામ સંઘર્ષ. સંઘર્ષ વિના કોઈને કંઈ વસ્તુ કે મન પસંદ, ઈચ્છિત ચીજ મળતી નથી. પરંતુ જો મળી જાય તો એની આપણને કદર નથી હોતી. આસાનીથી મળેલી સફળતાનો કોઈ અર્થ નથી. પણ એટલું ખરું છે કે કોઈના જીવનમાં થોડો વધુ સંઘર્ષ હોય છે, તો કોઈના જીવનમાં ઓછો. પરંતુ એક વાત નિશ્ચિત ચોક્કસ જ હોય છે કે દરેકે દરેક એ સંઘર્ષ સાથે લડીને, મુકાબલો કરીને પોતાની મંઝિલ પામવાની હોય છે. એટલે જ તો જ્ઞાતિજનો અનુભવીઓએ કહ્યું છે કે સંઘર્ષ જ જીવનનો સાચો સંગાથી છે. જે આપણને મજબૂત, અડગ અને સફળ બનાવે છે.

સાધારણ ભાષામાં સંઘર્ષને વ્યાખ્યાતિત કરીએ તો એમ કહી શકાશ કે કંઈ મેળવવા કે ઈચ્છિત વસ્તુ મેળવવા એગ્રેસિવ બની પ્રયત્નશીલ રહેવું. જ્યારે આપણો ધ્યેય ઊંચો અને મહાન હોય પરંતુ તેને મેળવવાના પ્રાપ્ત કરવા સંસાધનો મર્યાદિત હોય ત્યારે સંઘર્ષ તેની ચરમસીમા પર હોય છે. જહોજદથી, આકરી મહેનતથી સંઘર્ષ સામે લડવું પડે છે. તે પછી ધ્યેય સિધ્ધ થયેથી મળેલી અપ્રતિમ સફળતાનો આનંદ અનેરોને અદકેરો હોય છે. ક્યારેક આનંદની કરેલ કલ્પનાઓ સંઘર્ષને પ્રોત્સાહન તથા શક્તિ સંચય પૂરી પાડે છે. સંઘર્ષની કોઈ વ્યાખ્યા નથી કે નથી તેનો કોઈ નિશ્ચિત માપદંડ અથવા કેટલી માત્રા કે પ્રમાણમાં સંઘર્ષ કરવો પડશે તેની કલ્પના. બસ સફળતા તો વ્યક્તિના સપનાઓ પર નિર્ધારીત છે. સતત સંઘર્ષ કરવાથી એક લક્ષ્યથી લડવાથી, ઝઝૂમવાથી જ ઊજળું ભવિષ્ય બને છે. સંઘર્ષ એ જીવનની મહામૂલી ભેટ છે.

જ્યારે પરિસ્થિતિ મૂશ્કેલ હોય હોય ત્યારે આપણને લાગે છે કે રસ્તો વિકટ છે, આગળનો રસ્તો બંધ છે. પરંતુ આ જ વસ્તુઓ જ વાસ્તવમાં આપણને આપણી શક્તિઓનો પરિચય કરાવે છે. સંઘર્ષ સામે લડતા ક્યારેક નિષ્ફળતા મળે તો એને અંત ન સમજવો પણ એક નવો પ્રકરણ શરૂ થવાનું આમંત્રણ છે. ઠોકર વાગે એટલે ઊભા થવાનું ભાન થાય છે. ઘનઘોર અંધકારમાં એવુ લાગે કે પ્રકાશ ક્યારે જોવા જ નહીં મળે. પરંતુ શાશ્વત સત્ય એ પણ છે કે ક્યાંક એક જ્યોત ટમટમતી હોય છે. જેનો પ્રકાશ ફરી આપણને પ્રકાશિત કરવા સમર્થ હોય છે. દરેક પડકાર જીવનના સંઘર્ષ સામે ચમકવાની તક પૂરી પાડે છે. સંઘર્ષ વિના મળેલી સફળતા સંતોષ નથી આપતી એટલે જ મુશ્કેલીઓ જ સંતોષી થવાની તક આપે છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આવ્હાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# રાષ્ટ્રીય ગ્રામીણ આઈ.ટી. ક્વિઝ ચેમ્પિયનશીપના નેશનલ વીનર સાંધવના પ્રથમ ચેતન જીવરાજ દંડ થયા

તાજેતરમાં બેંગલુર-કર્ણાટક ખાતે કર્ણાટક સરકાર દ્વારા અને તાતા કન્સલ્ટન્સી સર્વિસીસ (ટી.સી.એસ.) પ્રાયોજિત નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝનું આયોજન બેંગલુર ટેક સમિટ ૨૦૨૫ અંતર્ગત કરાયું હતું. જેમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિ કરતાં સોનગઢની રત્નાશ્રમ સંસ્થાના ધોરણ ૧૨મા ના વિદ્યાર્થી સાંધવના પ્રથમ ચેતન જીવરાજ દંડ એ ચેમ્પિયનશીપમાં અવલ રહી સમગ્ર રાષ્ટ્રીય ક્ષેત્રે પ્રથમ ક્રમાંકે વિજયી થયાં હતા અને રૂા.૧ લાખનું રોકડ પ્રાઈઝ સાથે પ્રમાણપત્ર, સ્મૃતિચિન્હ અને અન્ય ભેટ વસ્તુઓના હકદાર થયાં હતા. સમગ્ર દેશમાંથી વિવિધ રાજ્યોના ૧૫ લાખથી વધુ વિદ્યાર્થીઓ સ્પર્ધક તરીકે ભાગ લીધો હતો.

૧૭ વર્ષના પ્રથમ દંડએ પરિવાર, શાળા, રાજ્ય અને જ્ઞાતિને પોતાની સિદ્ધિ સફળતાથી ગૌરવ અપાવ્યું છે. જે માટે શત શત અભિનંદન અને ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટેની શુભેચ્છા.





## શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન, મેડિકલ સમિતિ



KDO SANJIVANI

### કેડીઓ સંજીવની

માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

**સંપર્ક:**

| | |
|---|---|
| મનીષા શાહ | 98695 76527 |
| ડો. ધારિણી નાગડા | 98197 22300 |
| ભરત મૈશેરી | 98200 58048 |
| રમેશ મોતા | 98196 55259 |

॥ શ્રી સુપાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ॥

અચલગચ્છાધિપતિ ગુરુવર્યોશ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલા-કવી-વીર-મહોદયસૂરિભ્યો નમઃ

ગુરુણીવર્યા શ્રી શિવ-ગુલાબ-દેવ-માણેક-ખીર-વસંતપ્રભાશ્રીજી મ.સા. ચરણે વંદના



કલરવકારી ધરતી કચ્છડાની અલખ ભૂમિ અબડાસાની સૌરભવંતી સોનવણી નગરી સુથરી તીર્થ મધ્યે

શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથસ્વામી પરમાત્માની શીતલ મધુરી છાંયે.. સંઘપતિઓના સથવારે...

# શ્રી ગુણ-ગુલાબ-વસંતપ્રભા-પાર્શ્વ-સુપાર્શ્વ જિન અઠ્ઠમ તપોત્સવ

## સંવત ૨૦૮૨, માગસર વદ ૮, તા. ૧૨-૧૨-૨૫ થી માગસર વદ ૧૨, તા. ૧૬-૧૨-૨૫ પર્યંત પંચાહ્નિકા મહોત્સવ સમેત અઠ્ઠમોત્સવ

નિશદિન દિવ્યકૃપા અર્પણ

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

સદૈવ દિવ્યાશિષ વર્ષાવતા

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા

ભાવથી આજ્ઞાશીષ અર્પે તારકવંતા

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-ભાવ-સંયમ સાધના કાજે વરસાવ્યા આશિષ કૃપાદાન

પ્રવર્તિની મહત્તરા પ.પૂ.ગુરૂણી ગુલાબશ્રીજી મ.સા., પ.પૂ.ગુરૂણીવર્યા શ્રી દેવશ્રીજી મ.સા.,

પ.પૂ. કૃપાવંતા શ્રી માણેકશ્રીજી મ.સા., પ.પૂ.ગુરૂણીમૈયા શ્રી ખીરભદ્રશ્રીજી મ.સા.,

પ્રવર્તિની મહત્તરા પ.પૂ.સા. શ્રી રત્નરેખાશ્રીજી મ.સા.

પ્રવર્તિની મહત્તરા, નવકાર મંત્ર-તપ-જપ-મૌન-ભક્તિ-સાધિકા

સાધ્વીગણ મુખ્યા ગુરૂણીમૈયા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.

દીક્ષા દિન : સંવત ૨૦૧૧, માગસર સુદ ૭ (૭૨ વર્ષ થયા) એટલે.. એટલે... એટલે... ૭૨મી દીક્ષાતિથિ નિમિત્તે
મોટા આસંબિયાના શ્રી સુપાર્શ્વનાથસ્વામીના સ્મરણ સાથે શ્રી સુથરી તીર્થના શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથસ્વામીના સાંનિધ્યમાં

શ્રી કચ્છ સુથરી તીરથે કરીએ અઠ્ઠમતપ પંચાહ્નિકા મહોત્સવ સાથે

પ્રેરણા : પ.પૂ.ગુરૂણીમૈયા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા ગણ પરિવાર સહ આજીવન ગુરૂ ચરણોપાસિકા પ.પૂ.સા.શ્રી જિનપ્રભાશ્રીજી મ.સા.

આરાધકોનું આગમન - અત્તર પારણા
માગસર વદ ૮,
શુક્રવાર, તા. ૧૨-૧૨-૨૦૨૫

અઠ્ઠમ તપ આરાધના પૌષ દશમી દિને
માગસર વદ ૯/૧૦/૧૧, શનિ/રવિ/સોમ,
તા. ૧૩/૧૪/૧૫-૧૨-૨૦૨૫

માગસર વદ ૮, તા.૧૨-૧૨-૨૦૨૫
શ્રી મહાકાલી માં નુ હવન યુક્ત
પૂજન

માગસર વદ ૯,
તા.૧૩-૧૨-૨૫
શ્રી પાર્શ્વ પદ્માવતી પૂજન

માગસર વદ ૧૦, તા. ૧૪-૧૨-૨૫
શ્રી મુળનાયક ધૃતકલ્લોલ પાર્શ્વનાથ
શક્રસ્તવ અભિષેક સંગીત સાથે

માગસર વદ ૧૧, તા. ૧૫-૧૨-૨૫
**શ્રી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન**

પારણા - વિદાય
માગસર વદ ૧૨,
મંગળવાર, તા. ૧૬-૧૨-૨૫


વિધીકાર : શ્રી પારસભાઈ ગોગરી ■ રોજ સામાયિક, પ્રતિક્રમણ, વ્યાખ્યાન, પ્રશ્નોત્તરી, અભિષેક, જાપ, પૂજનો, ભાવના વગેરે રહેશે. ■ ભક્તિની રમઝટ : શ્રી ભવ્યાભાઈ શાહ (અમદાવાદ)



પાવનકારી નવ્ય નિમિત્ત

કચ્છ મોટા આસંબિયાના શ્રી સુપાર્શ્વનાથસ્વામીના સાંનિધ્યે અવતર્યા
કચ્છ સુથરી તીર્થ શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથસ્વામીના સાંનિધ્યે દિક્ષિત થયા.
નાની બાલવયે મુમુક્ષુ વિમળાબેન બની ગયા પ.પૂ.સા. શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.

પાવનકારી નિશ્રા : અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના
આજ્ઞાનુવર્તી શ્રમણ-શ્રમણી પરિવાર સાથે પ.પૂ ગુરૂણી શ્રી ગુલાબશ્રી મ.સા. શ્રમણી પરિવાર,
પ.પૂ. ગુરૂમૈયા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. ના શિષ્યા-પ્રશિષ્યા પરિવાર,
સુથરી તીર્થે શ્રી ધૃતકલ્લોલ દાદાની છત્રછાયામાં ઘણા વર્ષથી સ્થિરવાસ
એવા તપસ્વી સરળ સ્વભાવી પ.પૂ. શ્રી મહાયશાશ્રીજી મ.સા.



## સુથરી તીર્થના આંગણે...

અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયે...
અચલગચ્છાધિપતિ શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞા આશિષે એવમ્ પાવન હસ્તે
પ્રવર્તિની મહત્તરા પદ વિભુષિતા, પ્રવર્તિની મહત્તરા પ.પૂ.ગુરૂણી શ્રી ગુલાબશ્રીજી મ.સા. ના કૃપાપાત્ર
ગુલાબવંશ શણગાર... પૂ. દેવશ્રીજી મ., પૂ. માણેકશ્રીજી મ.સા. ના શિષ્યા
પ્રવર્તિની મહત્તરા, સાધ્વી મુખ્યા, સંયમ શિરોમણી, પ.પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ સાહેબની
૭૨ મી દીક્ષાતિથિ વર્ષે ભાવવિભોર, તનથી-મનથી, દિલથી વારંવાર વંદના !

| માતૃભૂમિ | દીક્ષા ભૂમિ | દીક્ષા દિન | પ્રવર્તિની મહત્તરા પદ |
|---|---|---|---|
| મોટા આસંબિયા | સુથરી તીર્થ | સં.૨૦૧૧, માગસર સુદ ૭ | સં. ૨૦૭૪ માગસર સુદ ૫, જોગેશ્વરી-મુંબઈ |

વર્તમાન સમયે અચલગચ્છમાં સૌથી વધુ સંયમ : પર્યાય (૭૦ વર્ષ) શોભાવનારા, સંયમ શિરોમણી, સિદ્ધચક્ર, સિધ્ધાચલ, ગૌતમસ્વામી, ઋષિમંડળ, ભક્તામર, વર્ધમાન યંત્ર, નવકાર યંત્રના દૈનિક ૪ થી ૫ કલાક સતત સાધના કરનારા, સ્નેહાળ, પ્રેમાળ, વાત્સલ્ય વારિધિ, અનેક આત્માઓને શ્રમણ અને શ્રમણી માર્ગને સ્વીકાર કરવા/કરાવવા માટેના જબરદસ્ત પ્રેરણા કરનારા, અનેક સંઘોના ઉપકારક, જિનાલય-ઉપાશ્રય આદિ સત્કાર્યોના માર્ગદર્શન, અનેક વિધ શ્રાવક/શ્રાવિકા/મહારથીઓ, કુટુંબીજનો, ધર્મ માર્ગે ચાલનારા અને અગાધ અનંતા ઉપકારો કરનારા... ભોળા-ભદ્રિક-હિતેચ્છુ ભુજપુરથી ભદ્રેશ્વર/ગુણોદયધામ સોનગઢથી શત્રુંજય / મોટા આસંબિયાથી સુથરી આદિ છ'રિ પાળી સંઘ તેમજ ગુણોદયપુરમ પાલીતાણા ૯૯ યાત્રાના મુખ્ય સંઘપતિ પ્રેરક બની ઘણા ઘણા શાસન પ્રભાવના કાર્યો કરાવવાના મહારથી પ.પૂ.ગુરૂમૈયા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના ચરણે કોટિ કોટિ વંદના....

|| શ્રી સુપાર્શ્વનાથાય નમઃ || || શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ||

અચલગચ્છાધિપતિ ગુરુવર્યોશ્રી આર્ય-કલ્યાણ-ગૌતમ-ગુણ-ગુણોદય-કલા-કવી-વીર-મહોદયસૂરિભ્યો નમઃ

ગુરુણીવર્યા શ્રી શિવ-ગુલાબ-દેવ-માણેક-ખીર-વસંતપ્રભાશ્રીજી મ.સા. ચરણે વંદના



કલરવકારી ધરતી કચ્છડાની અલખ ભૂમિ અબડાસાની સૌરભવંતી સોનવણી નગરી સુથરી તીર્થ મધ્યે

શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથસ્વામી પરમાત્માની શીતલ મધુરી છાંયે.. સંઘપતિઓના સથવારે...

# શ્રી ગુણ-ગુલાબ-વસંતપ્રભા-પાર્શ્વ-સુપાર્શ્વ જિન અઠ્ઠમ તપોત્સવ

## સંવત ૨૦૮૨, માગસર વદ ૮, તા. ૧૨-૧૨-૨૫ થી માગસર વદ ૧૨, તા. ૧૬-૧૨-૨૫ પર્યંત પંચાહ્નિકા મહોત્સવ સમેત અઠ્ઠમોત્સવ

"પરમ" પદને સંયમ "પ્રેમ" થી પામવા, "ગુણ" સુરિ હસ્તે સંયમ લઈ આત્માને તારવા, શ્રમણી પંથે "ગુણોદય" તેજ કર્મ તપાવવા, પંચમહાવ્રતોની "રત્નરેખા" ચમકાવવા, "દિવ્ય" - "નંદિ" - "ચારૂ" - "આર્યા" ને તારવા, અર્હદ-કુમુદ-તીર્થને મોક્ષ અપાવવા, "તીરથ" "જિન" ને જિનપંથ દીક્ષા દીપાવવા, શિષ્યા - પ્રશિષ્યા ને ભવજલથી ઉગારવા...

અચલગચ્છ મહન યોગીશ્વરી, સંયમ શિરોમણી, પ્રવર્તિની મહત્તરા, સાધ્વી મુખ્યા પરમ પૂજ્ય સાધ્વી

**શ્રી વસંતપ્રભાશ્રીજી મહારાજ સાહેબ સદા અમર તપો...**

### પૂજ્યશ્રી પ્રવર્તિની મહત્તરા, સાધ્વીમુખ્યા વસંતપ્રભાશ્રીજી મ.સા. ના સંયમ જીવનની આરાધનાની ઝરમર...

- ૭૨ જોડલા સહ શ્રી બૃહદ્ સિદ્ધચક્ર મહાપૂજન (૭૨ જિનાલય)
- ૧૦૮ ચાંદીના કળશા સહિત શ્રી ગૌતમ સ્વામી પૂજન (વાંઢ ગજપુરી)
- અચલગચ્છના મહાત્મા સાધુ-સાધ્વીજી ભગવંતોના માતા-પિતા હાજર હોય કે ન હોય
- એમના પરિવારના જે સભ્યો હોય એમના રજત સહ ઊંચા દ્રવ્યથી બહુમાન
- ૧૨ મહિના કચ્છી ભુવન મુકામે સાધુ-સાધ્વીજી ભગવંતને સમ્યગ જ્ઞાન પંડિતજી પાસે પઠન લાભ
- ૬૮ દિવસ દાદાની ઉપરની ૯૯ યાત્રા
- ૬૫ દિવસ સમૂહ ચાતુર્માસ ૨૧ ઠાણા સહિત ૩૦૦ આરાધકો સાથે આરાધના
- બાબુના દેરાસરની ૯૯, અનેક પૂજન આરાધના



- શ્રાવણ સુદ ૬ ના ચાંદીના ૫ પરમાત્મા તથા શ્રી ગૌતમ સ્વામી સકળ સંઘની હાજરીમાં ઘડાવ્યા
- સમુહ આયંબિલ તપની ઓળી તથા ચૈત્ર માસની ઓળીની નાની ઉંમરથી શરૂઆત
- અંત સુધી ૧૫૧ શાશ્વતી ઓળી આરાધના કરી.. ઓળીની અનુમોદનાર્થે સમૂહ આયંબિલ
- ૨૭૫ આરાધકો સાથે કરાવી તેમાં શ્રી અર્હદ્ પૂજન સહ વિવિધ ભક્તિ અનુષ્ઠાનો પાલીતાણા કચ્છી ભુવનમાં
- ૫૦૦ અઠ્ઠમ ગુરૂદેવે કર્યા એની અનુમોદનાર્થે શ્રી આદિ ઘંટાકર્ણ શેરી. ટ્રસ્ટ દ્વારા આયોજીત
- ૫૦૦ અઠ્ઠમ કરાવ્યા, ગુરૂદેવે પણ અઠ્ઠમ કર્યા.
- પ.પૂ.આ.ભ. શ્રી નિત્યાનંદસૂરીશ્વરજી મ.સા. ના વરદ્ હસ્તે તા. ૧૯ જુન ૨૦૨૪ ના જિનશાસનરત્ના પદવીથી અલંકૃત કર્યા.

વાલવોડ તીર્થે શ્રી ચંદ્રપ્રભ દાદા ગુરુદેવને વારંવાર દર્શન આપતા છેલ્લે શ્રી જ્વાલામાલીની દેવી રથમાં સારથી બની પ્રભુના દર્શન કરાવ્યા અને દેવલોકમાં શ્રી જ્વાલામાલીનીદેવી પોતે ચંદ્રપ્રભની ભક્તિ કરતા એ પણ ગુરૂદેવને દર્શન કરાવ્યા પછી ગુરૂદેવ નક્કી કર્યુ હવે છ'રી પાલીત સંઘ કાઢવો છે. એમની હાજરીમાંજ જય બોલાઇ ગઇ. એમની આ ઇચ્છા પણ અમે પૂર્ણ કરી.

ગુરૂમૈયા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. ની અંતિમ ઈચ્છા ૪૫ આગમ પૂજન ઉત્તમ દ્રવ્યથી અને શ્રી મણીલક્ષ્મીથી વાલવોડ ચંદ્રપ્રભ તીર્થ છ'રી પાલક સંઘ ૫ દિવસનો ૨૫૦ યાત્રિકો સાથે વાલવોડ નિવાસીઓનું કહેવું છે. ઈતિહાસમાં પહેલીવાર સંઘમાળનો કાર્યક્રમ ભવ્યરીતે ઉજવાયો...

### ગુણ-ગુલાબ-વસંતપ્રભા પાર્શ્વ સુપાર્શ્વજિન અઠ્ઠમોત્સવના ઉદાર દિલ દાતા સંઘપતિ પરિવારો

- **માતુશ્રી ભમલબેન પદમશી પીર**
  હ. તારાબેન મહેન્દ્ર પીર સહ પરિવાર (સુથરી તીર્થ)
- **અ.સૌ. નિશા જયેશ લક્ષ્મીચંદ છેડા (ગોધરા)**
  હ. સુપુત્રી : સાચી જયેશ છેડા
  ભાવિ જમાઈ : વિશેષ મેહુલ વલ્લભજી વીરા (દેશલપુર-જુહુ)
  સુપુત્રી : અર્હા જયેશ છેડા
  શુભાશિષ : માતુશ્રી ધનવંતીબેન લક્ષ્મીચંદ છેડા
  માતુશ્રી જયાબેન વિશનજી મારૂ (બિદડા)
- **માતુશ્રી તેજબાઈ વિશનજી ઘેલાભાઈ છેડા સહ પરિવાર (સુથરી તીર્થ)**
- **સંઘમાતા પૂર્ણિમાબેન શાંતિલાલ ધનજી દેઢિયા (ફરાદી)**
  પુત્ર-પુત્રવધુ : શ્રુતી દર્શન દેઢિયા,
  પૌત્ર : પરમ (અણમોલ જ્વેલર્સ, માટુંગા)
- **માતુશ્રી જયાબેન વાલજી લધા લોડાયા (સુથરી તીર્થ)**
- **નેણપાર પરિવાર (ગઢશીશા)**
  હ. મયુર જયશ્રી છગનભાઈ પદમશી દેઢિયા
- **માતુશ્રી વિજયાબેન વેરશી મોતા (સુથરી તીર્થ)**
  **માતુશ્રી હિરાબેન હંસરાજ મોમાયા (સુથરી તીર્થ)**
- **સંઘમાતા જ્યોતિબેન કાંતીલાલ ગોસર (ડુમરા)**
  હ. સુપુત્રીઓ : ડૉ. ભક્તિ મેહુલ દેઢિયા (ગઢશીશા)
  ડૉ. કોમલ પ્રતિક ગડા (કોડાય)
- **માતુશ્રી ગોમાબેન હેમરાજ લોડાયા (મોટી ખાવડી)**
  **માતુશ્રી વિજયાબેન ગુલાબચંદ ધુલ્લા (સેવક ભરૂડીયા)**
  હ. શ્રીમતી જયશ્રી ઉત્તમ લોડાયા, કિંજલ બ્યુટી પાર્લર (ઘાટકોપર)
- **સંઘમાતા માતુશ્રી મોંઘીબેન ટોકરશી શવરાજ ફુરીયા (બિદડા-ઘાટકોપર)**
- **સંઘમાતા માતુશ્રી સુંદરબેન નાગજી વેલજી સાવલા (બિદડા)**
  હ. પુત્રવધુ રીટા રાજેશ સાવલા (સાંતાક્રુઝ)
- **શ્રી ધીરેનભાઈ સાકરબેન વસંત મકાબાઈ કાનજી ગાલા (ગઢશીશા)**
  પલવ-સાનવી-ભાવિની નીતીન સાવલા
- **ગુરૂ ભક્ત પરિવાર**
- **સંઘમાતા ચંદનબેન અમૃતલાલ મોતા (દેવપુર)**
  હ. પુત્ર-પુત્રવધુ : ચિંતન હિતેશ મોતા, પૌત્રી : રાશિ
  **સંઘમાતા પ્રભાબેન કાંતીલાલ ગોસર (મંજલ રેલડીયા)**
  હ. મમતા, વિરલ ગોસર, પૌત્ર : નિરલ કંથન વિરલ ગોસર

લિ. : શ્રી ગુણ-ગુલાબ-વસંતપ્રભા-પાર્શ્વ-સુપાર્શ્વ જિન અઠ્ઠમ તપોત્સવ (કન્વીનર : શ્રી મુકેશભાઈ મૈશેરી (લાલા-મુલુંડ) (Contact - 98204 22291)

# ભારત કેનડા ટ્રેડ કમિટીના અધ્યક્ષ તરીકે હેમંત શાહની વરણી



કેનેડામાં નવા વડાપ્રધાન તરીકે માર્ક કાર્મી આવ્યા બાદ ભારત અને કેનેડા વચ્ચે બગડેલા સંબંધો સુધરવાની શરૂઆત થઈ છે. તે સાથો સાથ બંને દેશ વચ્ચે વેપાર વધારવાની કવાયત પણ હાથ ધરાઈ છે. આ મહત્વના ઘટનાક્રમમાં આગામી સમય દરમ્યાન ભારત આવનારા કેનેડિયન હિન્દુ ચેમ્બર ઓફ કોમર્સ (સી.એચ.સી.સી.)ના બીજા ટ્રેડ મિશન ૨૦૨૬નો શુભારંભ કરાયો છે. આ લોન્ચિંગ કાર્યક્રમ જાહેર કરાયેલી કેનેડા ઈન્ડિયા ટ્રેડ કમિટીમાં બે કચ્છી અગ્રણીઓને મહત્વનું સ્થાન અપાયું છે.

જાન્યુઆરીમાં યોજાનારા અને ભારત તથા કેનેડા વચ્ચેના સંબંધોને પુનઃ પાટા પર લાવનારા આ ટ્રેડ મિશનને આઈસીઆઈસીઆઈ બેંક કેનેડાના મુખ્યાલયમાં યોજાયેલા સમારોહમાં ખુલ્લું મુકાયું. આ મિશન હેઠળ વ્યાપાર જગતની ટોચની હસ્તીઓ ભારતના વિવિધ રાજ્યોની મુલાકાત લેશે. આ મિશનની સાથો સાથ જાહેર થયેલી ટ્રેડ કમિટીના અધ્યક્ષ સ્થાને પાંચ દાયકાનો અનુભવ ધરાવતા અને ભારત કેનેડાના વ્યાપાર સંબંધોના ભીષ્મ પિતામહ ગણાતા મૂળ વરાડિયાના અને વર્ષોથી કેનેડામાં વસતા હેમંત મૂલજી શાહ-લોડાયા-ગુંદરવાળાની વરણી કરાઈ છે.

આ સાથે કમિટીના એક્ઝિયુટિવ ડાયરેક્ટ પદે મૂળ કચ્છના જ અને ઘાટકોપર પછી કેનેડામાં સ્થાયી થયેલા રોનક નાગડાની પસંદગી કરાઈ છે. નોંધવાની વાત એ છે કે કેનેડાના ભૂતપૂર્વ વડાપ્રધાન ટ્રુડો હતા ત્યારે બંને દેશ વચ્ચે સંબંધ વણસ્યાં હતા. જે હવે સુધરી રહ્યાં છે. આવા સમયે ફરી સુધારાની આ પ્રક્રિયામાં અને બંને દેશ વચ્ચે વ્યાપારની ગતિવિધિને વધુ વેગ મળે તેમાં આ ટ્રેડ કમિટી મહત્વની ભૂમિકા નિભાવશે એ વાતમાં સંશય નથી.

# પ.પૂ.સાધ્વીશ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ. સા.
# એ સંયમ જીવનના ૩૧મા વર્ષમાં પ્રવેશ કર્યો




હાલાર પ્રદેશના ભરૂડિયાના માવિત્ર હંસાબેન રતિલાલ પદમશી ધરમશીના ધર્મ-ગુણ સંસ્કારે રંગાયેલા સુપુત્રી કારતક વદ ૧૧ વિક્રમ સંવત ૨૦૫૨ના તિથિ દિને ભરૂડીયા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂ માતા પ.પૂ.સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા. ધારણ કરી સંયમ જીવનના પથનો પ્રવાસ પ્રારંભ કર્યો.

ધર્મ, ભક્તિ, તપ, ત્યાગ, આરાધના કરતાં કરાવતા આજે વિક્રમ સંવત ૨૦૮૨ કારતક વદ ૧૧ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના ત્રણ દાયકા એટલે કે ૩૦ વર્ષ પરિપૂર્ણ કરી ૩૧મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે ગુરૂ ભક્તોની મંગળ ભાવના છે કે પૂજ્ય સાહેબજી અવિરત સંયમ જીવન પથ પર આગળ વધતા સુવર્ણ, હીરક અને અમૃત વર્ષથી આગળ વધી સર્વોચ્ચ શિખર એવા શતક વર્ષની ટોચે બિરાજમાન થાય. શુભકામના સાથે શત શત વંદના.

# ડૉ. સરોજીની નાયડુ ઈન્ટરનેશન એવોર્ડ ફોર વર્કીંગ વુમન જ્ઞાતિની ચાર મહિલાઓને મળ્યો

જખૌ-નવી મુંબઈના શ્રીમતી માલતી હરીશ દામજી ધરમશીના પુત્રવધૂ જાણીતા જર્નાલિસ્ટ ખ્યાતિ ધરમશીને ઈન્ટરનેશનલ ચેમ્બર ઓફ મીડિયા એન્ડ એન્ટરટેન્ટમેન્ટ ઈન્ડસ્ટ્રીઝ અને ઈન્ટરનેશનલ વુમન ફિલ્મ ફોરમ પ્રસ્તુત ૯મો ડૉ.સરોજીની નાયડુ ધી નાઈટિંગલ ઓફ ઈન્ડિયા ઈન્ટરનેશનલ એવોર્ડ ફોર વર્કીંગ વુમન ૨૦૨૫ મળ્યો છે.




તેની સાથે સિધ્ધહસ્ત જેમોલોજિસ્ટ અને જવેલરી ડિઝાઈનર કોઠારા-ઘાટકોપરના શિલ્પા ચેતન અજાણી અને કોઠારા-બેંગ્લોરના સિધ્ધહસ્ત વર્કીંગ વુમન અલ્પા ગૌતમ ધરમશીએ મળ્યો છે.

દયાળુ અને બહુભાષી સલાહકાર અને ચોથા માનવંત મહિલા સમાજ સેવિકા, કમ્યુનિટી લીડર અને સિધ્ધહસ્ત કન્સલટિંગ હોમિયોપેથી.....ના ડૉ. મીરા દેવચંદ ધરમશીને મળ્યો છે.

એવોર્ડ વિનર અલ્પા ગૌતમ ધરમશીએ આ સન્માન માટે નામાંકિત થવા બદલ નમ્રતાપૂર્વક કહ્યું હતું કે મારા કાર્ય દ્વારા મને મળેલા અસંખ્ય દર્દીઓના જીવનોની યાદ આવે છે. કેન્સર પીડિતો અને તેના પરિવારજનોને તેમની જ માતૃભાષામાં કાઉન્સેલિંગ કરીને સમાજની સેવા કરવાની તક મળી છે એ વિચાર આવતા જ મારું હૃદય કૃતજ્ઞતાથી ભરાઈ જાય છે. પ્રેમનું કાર્ય જેણે અંતરની દૂરી મિટાવી છે અને આશાને પ્રોત્સાહન આપ્યું છે.

એક કરૂણા પૂર્ણ બહુભાષી કાઉન્સેલર તરીકે મેં માનવ ભાવનાની સ્થિતિ સ્થાપકતા તરીકે મેં માનવ ભાવનાની સ્થિતિ સ્થાપકના નજીકથી જોઈ છે અને ડેથ ડૌલા તરીકે મને વ્યક્તિઓને તેમની અંતિમ યાત્રામાં સાથ આપવાનું તેમના ડર, આશાઓ અને સપનાઓ માટ જગ્યા બનાવવાનું પવિત્ર સન્માન મળ્યું છે. આ એવોર્ડ મારી એકલીનો નથી. તે તે લોકોની શક્તિનો પુરાવો છે. જેમણે મને તેમની સાથે ચાલવાની મંજૂરી આપી છે અને મારા જ્ઞાતિ સમાજના અતૂટ સમર્થનનો પુરાવો છે જે માટે હું સૌની આભારી છું. સહાનુભૂતિ, કરૂણા, દયા સાથે માનવતાની સેવા અવિરત ચાલુ રાખવાની મારી પ્રતિબધ્ધતા પુનઃ વ્યક્ત કરું છું. ક.દ.ઓ.જ્ઞાતિ માટે ગૌરવની વાત છે. ચાર એવોર્ડ માનકરીઓને હાર્દિક અભિનંદન સાથે ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટેની શુભેચ્છા.


ખ્યાતિ ધરમશી


શિલ્પા અજાણી


અલ્પા ધરમશી


ડૉ. મીરા ધરમશી

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી દ્વારા જ્ઞાતિજનો માટે લાલો ગુજરાતી ચલચિત્રનું સફળ આયોજન કરાયું

શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ ડોંબિવલી દ્વારા ગુજરાતી પારિવારિક ચલચિત્ર લાલો બતાવવાનું સુંદર આયોજન ગુરૂવાર, તા. ૧૩ નવેમ્બરના રોજ રાતના ૧૦.૦૦ કલાકે મધુબન થિયેટરમાં કરવામાં આવ્યું હતું. ચલચિત્ર શૉ માટે સ્ટોલ રૂા.૮૦ અને બાલ્કની રૂા.૧૦૦ ના ટિકિટ દર રાખવામાં આવ્યા હતા. થિયેટરમાં કુલ ૨૧૨ બાલ્કની તથા ૨૪૨ સ્ટોલ બેઠકો ઉપલબ્ધ રહી હતી. શરૂથી અંત સુધી દર્શકોમાં ઉત્સાહપૂર્ણ માહોલ જોવા મળ્યો હતો.

લાલો ચલચિત્રમાં પરિવાર, પરિસ્થિતિઓ અને જીવનની વિવિધ કસોટીઓ વચ્ચે પરમાત્મા પર વિશ્વાસ રાખવો, દરેક મુશ્કેલીમાં ધીરજ રાખવી અને સદ્કર્મનો માર્ગ ન છોડવો એવો અત્યંત સુંદર જીવનમૂલ્ય સંદેશ આપવામાં આવ્યો છે. ચલચિત્ર દરમ્યાન દર્શકો પૂરેપૂરા મગ્ન થઈને કથાના ભાવ સાથે જોડાયા હતા. ફિલ્મની અંતિમ ક્ષણોમાં સૌએ મળીને આનંદભેર રાસ-ગરબા રમીને કાર્યક્રમને વધુ યાદગાર બનાવ્યો હતો.

ચલચિત્રના આયોજનમાં અનેક કાર્યકરોનું વિશેષ યોગદાન રહ્યું હતું. ટિકિટ વહેંચણીની જવાબદારી શ્રીમતી અર્ચના અમિત ખોના (નલિયા) એ નિષ્ઠાપૂર્વક સંભાળી જેમાં એમને શ્રી ધીરેન વાલજી સોની (વાંકુ) તથા કુ. કરિશ્મા ચેતન નાગડા (નલિયા) નો ઉત્સાહભર્યો સહયોગ મળ્યો હતો. લગભગ ચલચિત્રની હાઉસફુલ પ્રક્રિયામાં શ્રીમતી ભાવનાબેન ભરત મોમાયા (નલિયા) એ સારો સહકાર આપ્યો હતો.(૧૩ જ ટિકિટ રહી જવા પામી હતી)

ચલચિત્ર માટેની તમામ શરૂઆતની ઇન્કવાયરીથી લઈને આયોજનના અંતિમ તબક્કા સુધી અમિત જેઠાલાલ ખોના (નલિયા) અને ચેતન લહેરચંદ નાગડા (નલિયા) એ પ્રશંસનીય મહેનત કરી હતી. પ્રમુખ મહેન્દ્રભાઈ મેઘજી મોતા (વારાપધ્ધર) સતત ફોન પર રહી માર્ગદર્શન આપતા રહ્યા, જે આયોજનને વધુ સુવ્યવસ્થિત બનાવવામાં મદદરૂપ સાબિત થયું હતું.

ટિકિટની ડિઝાઇન તથા પ્રિન્ટિંગ માટે ચિ. તીર્થ અમિત ખોના (નલિયા) નો સહયોગ પ્રશંસનીય રહ્યો હતો.

આ સમગ્ર આયોજન દરમ્યાન મંડળના તમામ સભ્યોનો મળેલ સહકાર અને જવાબદારીપૂર્વકની કામગીરી ખૂબ સરાહનીય રહી હતી, જેના કારણે કાર્યક્રમ સંપૂર્ણ રીતે સફળતાથી પાર પડ્યો હતો.

## Anumodana

| Sanjivani Case - 207 | |
|---|---|
| **Name:Mrs. Jyoti Hirachand Gosar — Age : 55 Yrs. — Village: Varapadhar - Nalla Sopara** | |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 3,500.00 |
| **Emerald Patron** | |
| M/s. Vikamshi Fabrics Pvt. Ltd. Khamgaon | 2,000.00 |
| Shri Nileshkumar Shantilal Meisheri ( Lala - Mulund - Dubai) | 2,000.00 |
| Matushri Rekhaben Sunil Khona, Sujapur - Bangalore | 2,000.00 |
| **Platinum Patron** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,000.00 |
| **Diamond Patron** | |
| Shri KDO Jain Sarvodaya Mandal, Mulund | 2,000.00 |
| **Gold Patron** | |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 1,500.00 |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 1,500.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 1,500.00 |
| **Individual Donors** | |
| Previous Case No. 202 Balance | 8,500.00 |
| Previous Case No. 197 Balance | 1,581.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851

**Thank You Donors for your Generosity & Kindness**

# સંજીવની કેસ નં.૨૦૯ માટે જરૂરી રકમ રૂા.૫.૫૦ લાખ નોંધપાત્ર સમય દરમ્યાન જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ ટકાવી દેવાયું

Samast Mahajan, Sanjivani Initiative

KDO

## CASE No.: 209

**DONATION CLOSED**

## Ms TILOTTAMA SHIVJI KURVA

Age 64 Yrs., Mulund( Mumbai) , Kutch- Godhra

**Diagnosis- Bowel Perforation with Peritonitis.**
**She underwent Surgery- Exploratory Laparotomy with Perforation Suturing and repair.**



KDO SANJIVANI

**DONATION CLOSED**

**Rs 5.50 Lakh**

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda    **Branch :** Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW    **MICR :** 400012272

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

ગોધરા કચ્છ હાલે મુલુંડના ૬૪ વર્ષીય તિલોતમા શિવજી કુરવા સ્મૃતિ ભ્રંશ અપ્રસ્તુત વાતો, ભૂખ ન લાગવી, ચીડિયાપણું અને સામાન્ય નબળાઈ સાથે જલોદર પેરીટોનાઈટિસ સાથે આંતરડામાં છિદ્રને કારણવશ તાત્કાલિક હોસ્પિટલાઈઝ કરવા પડેલ. આંતરડા છિદ્ર બંધ કરવાની સાથે એક સપ્લોરેટરી લેપેરાટોમીની શસ્ત્ર ક્રિયા કરવામાં આવી.

દર્દી અપરિણીત છે અને પોતે એકલા જ રહે છે. માતાનું ૭ વર્ષ અગાઉ અવસાન થયું છે અને પિતાને બાળપણમાં જ ગુમાવ્યા છે. આવકનો કોઈ ચોક્કસ સ્ત્રોત નથી. ૪ બહેનો છે બધી પરણિત છે. કોઈ વીમાનો કવચ નથી કે નથી કોઈ બચત. માસિક ગુજારો માંડ માંડ ચલાવે છે. આવી પરિસ્થિતિમાં સારવાર માટે રૂા.૫.૫૦ લાખનો ખર્ચ કરવાનો બોજો તેમની પર આવી પડ્યો. જેને માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ પાસે અરજી મૂકી. જેનો અભ્યાસ કરી જરૂરી રકમ જમા કરવા ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું.

જણાવતા ખુશી થાય છે કે આજ સુધીના દરેકે દરેક સંજીવની કેસમાં જ્ઞાતિના ઉદાર દિલ દાતાઓ જે રીતે માનવતા ભર્યું વલણ દાખવ્યું એ જ પ્રકારે સદર કેસ માટે પણ દરેકે દરેક વ્યક્તિગત દાતા, મહાજન, મંડળ, એકમ, ટ્રસ્ટ વિગેરેએ દયા ભાવ, ઉદારતા બતાવી જરૂર રકમ માટેનો કુંભ નામ માત્ર સમય દરમ્યાન છલોછલ કરી દેતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું.

સૌના ઉદારભર્યા સાથની અગણિત મદદને લીધે તિલોતમાબેન કુરવાને સમયસર મદદ પહોંચતી શકાઈ છે. સૌ મદદ કર્તા ઉદારદિલજનોનો સ્નેહ લાગણી જ્ઞાતિપ્રેમની કદર કરતાં ભૂરી અનુમોદના કરીએ છીએ.

અચલગચ્છાધિપતિ શ્રી એ બાલ બ્રહ્મચારી, દીર્ઘ સંયમી,

**ગુરૂમૈયા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબ** ને

પ્રવર્તિની મહતરા સાધ્વી મુખ્યા પદે અલંકૃત કર્યા તે

માનમાં વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



આ વિશેષ પૂર્તિ માટે

**ગુરૂમૈયા પ.પૂ.સાધ્વી**

**શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને**

આપ તેમના પ્રત્યેની

અનુમોદના,

આદરભાવ

તેમજ તેમના

સાથેના સંસ્મરણો

લખીને મોકલો

આપ આપની જાહેરાત પણ આપી શકો છો

**કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-**

Kumar Dand - 99209 35414
Manisha Lalka - 9820545734
Varsha Lodaya - 9833072879
Email : gyatimaiya2018@gmail.com

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી


શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૧૬ થી ૨૭ નવેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન શ્રી સીમંધરસ્વામી નુતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ, નાસિક |
| તા. ૨૯ નવેમ્બર ૨૦૨૫ | શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી સાંસ્કૃતિક કાર્યક્રમ |
| તા. ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી, ટ્રેડ ફેર, ટ્રેઝરહન્ટ, મનોરંજન સહ ફુડ સ્ટોલ |
| તા. ૧૩ થી ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી સિનિયર સિટીઝન પિકનીક |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી વન ડે પિકનીક |
| તા. ૦૯ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ | પાલિતાણા સાધર્મિક યાત્રા (અનાજ કિટ, વૃદ્ધ પેન્શન, મેડીકલ સહાય લેતા વડિલો માટે) |
| તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી રંજન સંધ્યા |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**નયન ખોના**
તા.૧૭ નવેમ્બર (ઉ.૪૪)
સાંધવ-મુલુંડ



**જવાહરલાલ કુરૂવા**
તા.૧૮ નવેમ્બર (ઉ.૮૫)
ગોધરા-મુંબઈ



**સોનલબેન ગોસર**
તા.૧૮ નવેમ્બર (ઉ.૫૪)
ગોએરસમા-વિકરાબાદ



**સૂર્યકાંતભાઈ દંડ**
તા.૨૦ નવેમ્બર (ઉ.૮૪)
લાલા-મુલુંડ



**ઈન્દુમતીબેન દંડ**
તા.૨૧ નવેમ્બર (ઉ.૭૭)
પરજાઉ-જાલના



**માધુરીબેન વિકમશી**
તા.૨૨ નવેમ્બર (ઉ.૭૮)
જખૌ-મુંબઈ



**કલ્પનાબેન મલબારી**
તા.૨૧ નવેમ્બર (ઉ.૭૪)
ગોધરા-અમેરિકા

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● મૂળ દેશલપર વાંઢાયના હાલે નખત્રાણા રહેતા કાંતિભાઈ હીરજી સાંખલા પોતાના પરિવારના ગુજરાન માટે ધંધા સાથે અનેકવિધ સેવા પ્રવૃત્તિ કરે છે. જીવપ્રાણીમાં બેઠેલા પરમાત્માની સેવાએ પરમ ધર્મ છે એ સિધ્ધાંતને અનુસરી છેલ્લા ૧૦ વર્ષથી શ્વાનોને રોટલા, ગાયો, ઘાસ, પક્ષીઓને ચણ, કીડીઓને કીડિયારૂ નિજાનંદી જરૂરતમંદ લોકો માટે રાશનકિટ સહિતની અનેક વિધિ સેવા પ્રવૃત્તિ કરે છે. દરરોજ સવારે ૪ વાગે ઊઠીને ૬૦ કિલો ઘઉંના લોટની રોટલીઓ બનાવી નખત્રાણા તેમજ આજુબાજુ ગામોના વિસ્તારમાં બે પૈડાવાળા વાહન પરથી શ્વાનોને રોટલા જમાડે છે. ભુજ માનવ જ્યોત દ્વારા ચાલતા માનવ સેવાના કાર્યો સાથે તેઓ જોડાયેલા છે. પોતાની દુકાનમાંથી વેંચાતી દરેક પેકેટ દીઠ એક રૂપિયા ધર્માદામાં દાન કરે છે.

● ગાય માતાને રાજ્યમાતાનો દરજ્જો આપવાની માગણી સાથે એકલધામના મહંત યોગી દેવનાથ બાપુ નવ દિવસથી ઉપવાસ આંદોલન છેડેલો. વિવિધ ધર્મ, સમાજ, સમુદાયના સંતો અને લોકોનો ટેકો તેમને મળ્યો હતો. આ આંદોલનનો નિવેડો લવાય એ માટે કચ્છના પાંચ સંતનું પ્રતિનિધિ મંડળ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું મળતાં સરકાર તરફથી ખાતરી અપાઈ હતી કે આ પ્રશ્નનો ઉકેલ નજીકના ભવિષ્યમાં સાથે મળીને ઉકલી લેશું. આ આશ્વાસનને પગલે સંતો-મહંતો અને જનપ્રતિનિધિઓને હસ્તે દેવનાથ બાપુએ પારણા કર્યા હતાં.

● ખનિજનો ભંડાર કહેવાતા લખપત તાલુકામાં વિવિધ ખનિજો મળી આવે છે. વર્ષ ૨૦૧૬માં જીરોસાઈટ ખનિજ માતાના મઢ ખાતે મળતું હોવાના હેવાલ મળ્યાં હતાં. માતાના મઢની દક્ષિણ-પશ્ચિમ દિશામાં મંગળ ગ્રહ પર જોવા મળેલ જમીન ખડકો માતાના મઢ વિસ્તારમાં હોવાનું તજજ્ઞોએ કહ્યું હતું. વૈજ્ઞાનિકોના મતે ૫.૫ કરોડ વર્ષ જૂનું જીરોસાઈટ ખનિજ માતાના મઢ વિસ્તારમાં હોવાનું શોધાયું હતું. આ ખનિજ મંગળ ગ્રહ પર છે. આ શોધને કારણે ઈસરો હવે માતાના મઢને મંગળયાન-૨ મિશન માટે ટેસ્ટ બેડ તરીકે વિકસાવશે એવા આધારભૂત સૂત્રોના હેવાલથી જાણવા મળ્યું છે. આ સંશોધન ભવિષ્યમાં અવકાશ મિશન માટે માર્ગદર્શક સાબિત થશે.

● માધાપરની શ્રીનવચેતન અંધજન મંડળમાં અભ્યાસ કરતી પ્રજ્ઞાચક્ષુ દીકરી અને પ્રતિભાશાળી ખેલાડી જયશ્રી આહિરને ભારતીય પ્રજ્ઞાચક્ષુ મહિલા ગોલબોલ ટીમની કેપ્ટનશિપ સોંપવામાં આવી છે. આઠ દેશોની આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટમાં ભાગ લેવા ટીમ ઈજિપ્ત ગઈ છે. તેની સાથે નવચેતન અંધજન મંડળના સ્પોર્ટસ ટીચર નીરવ ડાકે પણ પુરૂષોની પેરાલિમ્પિક ગોલબોલની ટીમમાં પસંદગી પામી આ ટૂર્નામેન્ટમાં ભાગ લેવા ઈજિપ્ત ગયા છે.

● કચ્છના વીજ ગ્રાહકોને આધુનિક સાધન સામગ્રી વડે વીજ પુરવઠો પહોંચાડવાનું આયોજન હોવા છતાં ક્યાંક સાતત્યપૂર્ણ વીજળી પહોંચી શકતી નથી. આ સ્થિતિને પહોંચી વળવા પશ્ચિમ ગુજરાત વીજ કંપની દ્વારા કચ્છમાં પહેલી વખત કોમ્પ્યુટરની મદદ લઈને વીજવિક્ષેપના કારણે ઝડપભેર એક જ કંટ્રોલ રૂમમાં લઈને ટીમને તુરંત જાણ થઈ જાય તેવી વ્યવસ્થાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભુજ અને અંજાર સર્કલના છ ડિવિઝનમાં કમાન્ડ મોનિટરિંગ એન્ડ કંટ્રોલ સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે. કોઈપણ વીજ ગ્રાહકના ઘરમાં વીજ ફોલ્ટ થાય તો વોટસએપ નંબર ૯૫૧૨૦૧૯૧૨૨ પર ગ્રાહક નંબર અને ફરિયાદ શું છે તેનો મેસેજ કરાશે તો તુરંત જવાબ મળશે અને ટીમ પણ આવશે.

● ગાંધીધામ ઈન્નરવ્હીલ ક્લબ દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે રોટરી ફોરેસ્ટ ખાતે વોકથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૫ જેટલા પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો. વોકથોનમાં ૬૦ થી ૭૦ વર્ષ તથા ૭૦ વર્ષથી ઉપર એમ બે કેટેગરી રાખવામાં આવી હતી. ૮૨ અને ૮૩ વર્ષના વરિષ્ઠ નાગરિકોએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સૌને પ્રેરણા આપી હતી. આ વોકથોન માત્ર એક દોડ નહી પરંતુ જીવનનો ઉત્સવ હોવાનું જણાવાયું હતું.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)

*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| | | | | | |
|---|---|---|---|---|---|
| Bhandup (West) 86526 30381 | Borivali (West) 86526 30390 | Dombivli (East) 86526 30386 | Ghatkopar (East) 86526 30383 | Ghatkopar (West) 86526 30385 | |
| Masjid Bunder 86526 30384 | Matunga 86526 30389 | Mulund (West) 86526 30382 | Thane (West) 86526 30388 | Vashi 86526 30387 | Kamothe 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT | www.arihantbank.com | @ Arihant Bank